**રાજકોટ મહાનગરપાલિકામાં રીવર ફ્રન્ટ રી–ડેવલપરમેન્ટના આગવી ઓળખ ધરાવતા કામ માટે રૂ.51 કરોડ મંજૂર.**

ચાલુ વર્ષથી રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા વિશિષ્ટ પ્રકારના કામો હાથ ધરાય તે માટે ખાસ આયોજન કરેલ છે. આ માટે બજેટમાં ખાસ રકમ અલગ ફાળવી દરેક નગરપાલિકા/મહાનગરપાલિકાને તેમના વિસ્તારમાં આગવી ઓળખ ધરાવતાં પ્રોજેક્ટ ઉભા થાય તે માટે પ્રોત્સાહન આપવાની નિતી શરૂ કરેલ છે. આ નીતી પાછળનો હેતુ જન સુખાકારીના કામો તો થાય જ સાથે શહેરીજનો માટે કાંઈક નવો વિશિષ્ટ અને ઉપયોગી પ્રોજેક્ટ મળે તે છે.
આ નીતી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાએ પહેલ કરી છે અને રાજકોટમાં રીવર ફ્રન્ટ રીડેવલપમેન્ટના કામ માટે રૂ.51 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

**સૌનો સાથ.. સૌનો વિકાસ.. જય જય ગરવી ગુજરાત..**